# ભારતમાં બિનસાંપ્રદાયિક વિચારોનો ઉદભવ અને એકતા સ્થાપવાના પ્રયત્નો

**પ્રો. એમ. આર. અડીયોલ**

**મદદનીશ પ્રાધ્યાપક(ગુ.શિ.સે.વર્ગ-૨)**

**ઈતિહાસ વિભાગ, એમ.એન.કોલેજ,**

**વિસનગર , જિ-મહેસાણા .**

## ❖ પ્રસ્તાવના :-

ભારતમાંથી ૧૯૪૭માં બ્રિટીશ સત્તા અસ્ત પામી, પરંતુ તે અમુક સારી વસ્તુઓની સાથે કોમવાદ, ભાષાવાદ, સાંપ્રદાયિકતા વગેરેને લગતા વિવાદો તેમજ સંઘર્ષોમાં વારસો પણ મુક્તિ ગઈ. વળી કોમવાદને પરિણામે ભારતમાં ભાગલા પડ્યા. જેને લીધે સ્વરાજ્ય પ્રાપ્તિ સમયે ભારતમાં વિવિધ પ્રકારની સમસ્યાઓ સર્જાઈ. સ્વતંત્ર ભારતનું બંધારણ ઘડવાનો અને પૂર્ણ કરવાનો પ્રશ્ન ઉપસ્થિત થયો. તથા તેમાં અનુસુચિત જાતિઓ, પછાત જાતિઓ, અસ્પૃશ્યો વગેરેને કેવા પ્રકારનું અને કેટલું પ્રતિનિધિત્વ આપવું તે સવાલ પણ ઉપસ્થિત થયો. આમાંથી સામાજિક તંગદીલી સર્જાઈ. કોમી હુલ્લડો અને ખુનામરકીને લીધે પાકિસ્તાનના સિંધ, પશ્ચિમ પંજાબ, પૂર્વ બંગાળ વગેરેમાંથી હજારો નીર્વાસીતો ભારતમાં આવ્યા. તેમને વસાવવાની ગંભીર સમસ્યા ઊભી થઇ. તેજ રીતે ભારતમાંથી પાકિસ્તાનમાં સ્થળાંતર કરતાં મુસ્લિમ ભાઈઓને ભારતમાં પુરતી સલામતી આપવાનો પ્રશ્ન પણ ઉપસ્થિત થયો. ભાષાના ધોરણે ભારતમાં પ્રાંતોની પુન:રચના કરવા માટે પ્રબળ માંગણી ઉઠી. તેમાં પાકિસ્તાનમાંથી સ્થળાંતર કરીને આવેલ હજારો સિંધીઓ તથા શીખોને માટે ભારતમાં અલગ અલગ પ્રદેશો ફાળવવાની ચળવળ શરૂ થઇ. તેમાંથી ખાલિસ્તાન (શીખીસ્તાન) ની બુમ ઉઠી. વળી ભારત સ્વતંત્ર બનતાં દેશી રાજ્યો પરથી બ્રિટીશ સરકારનું સાર્વભૌમત્વ રદ થયું. આથી અમુક દેશી રાજ્યોની અલગ રહેવાની હીલચાલ શરૂ થઇ. જેમાંથી અલગ રાજસ્થાનની માંગણીનો ખ્યાલ પણ ઉદભવ્યો. તથા ભારતની એકતા માટે ગંભીર ભય ઊભો થયો. આ બધા પ્રશ્નો હલ કરીને ભારતની પ્રથમ આઝાદ સરકારે ભારતમાં શાંતિ તથા સલામતી સ્થાપવાની હતી. તેમજ ભાષા અને સંપ્રદાયથી પર થઇને બિન સાંપ્રદાયીક ખ્યાલોનો વિકાસ કરીને ભારતની રાજકીય તેમજ સાંસ્કૃતિક એકતા સાધવાની હતી. સ્વતંત્ર

ભારતની પ્રથમ સરકારે અને તેના દૂરદેશી નેતાઓએ આ સમસ્યાઓનો ઉકેલ ખૂબ ડહાપણભરી રીતે લાવીને ભારતને શાંતિ સલામતી તથા એકતા આપી. જેને પરિણામે ભારતે બિનસાંપ્રદાયિક ધોરણે નોંધપાત્ર પ્રગતિ સાધી.

## ➢ ભારતમાં સામાજિક અને કોમી તનાવો, રાષ્ટ્રીય એકતા અને અખંડિતતા :-

સામાજિક અને કોમી તનાવોનો ઉંડો અભ્યાસ કરવાનો પ્રયાસ છેલ્લા બે દાયકાઓથી આંતરરાષ્ટ્રીય અને રાષ્ટ્રીય સંસ્થાઓ કરી રહી છે. સંઘર્ષની ભાવના અને વૃતિ વિવિધ તનાવો સાથે સંકળાયેલા છે. તેની ચર્ચા અને મનોવિશ્લેષણ ખાસ કરીને સમાજશાસ્ત્રીઓ નો વિષય રહ્યો છે. રાષ્ટ્રીય અખંડિતતાએ એકતાના તનાવો અને સંઘર્ષને ઓગાળી નાખનાર દ્રાવણ તરીકે કામ કરે છે અને તેથી તનાવ અને સંઘર્ષની પરિસ્થિતિનો અંત રાષ્ટ્રીય અખંડિતતા અને એકતાની ભાવનાથી થઇ શકે છે.

હિંદમાં 1860 થી 1910 ની અડધી સદી દરમિયાન સમાજના કેટલાક વર્ગમાં તનાવોની જે પરિસ્થિતિ ઊભી થઇ હતી. તેનો મુખ્ય હેતુ સમાજમાં સુધારણા લાવવાનો હતો. હકિકતમાં આ સમય દરમિયાન સામાજિક પરિવર્તનની હિમાયત કરવામાં આવી હતી અને તેને અશંતઃ વ્યવહારમાં મુકવાનાં પ્રયત્ન પણ કરવામાં આવ્યો હતો. કેશવચંદ્ર સેન, પંડિત વિદ્યાસાગર, એમ.જી રાનડે, જ્યોતિબા ફૂલે, મહર્ષિ કર્વે, પ્રોફેસર જી.જી.સાગરકર, લોકમાન્ય બાલગંગાધર ટિળક અને ગોપાલકૃષ્ણ ગોખલે જેવા સુધારકોના જીવનમાં ડોકિયું કરતા પ્રસંગે-પ્રસંગે તનાવો અને ઉગ્ર તનાવોના અસ્તિત્વનો ખ્યાલ આવે છે.

## ❖ વિવિધ સામાજિક તનાવોનું મૂળ :-

વિવિધ સામાજિક તનાવોના ઉંડા મૂળ ભારતના ઇતિહાસમાં પડેલા જોઈ શકાય છે. જટિલ માનવ રોપ સંજોગો ધરાવતો ભારતીય સમાજ દેશી અને પરદેશી એવી અનેક જાતિઓના બનેલા છે. ભારતનો પ્રાચીન ઇતિહાસ- દ્રવિડ, દશ્યુ અને નાગજાતિનાં આર્યો સાથેના લાંબા ગાળાનાં સંઘર્ષનો ઇતિહાસ છે તે પછી સિંધીયન, મોગલ, હુણ, ગ્રીક, ઈરાની, મુસ્લિમ અને છેલ્લી આવેલી પ્રજા હતી યુરોપિયન. યુરોપીયનો સિવાય ભારતમાં આવેલી બીજી બધી પ્રજાઓ એ ભારતમાં કાયમી વસવાટ કર્યો. ભારતની સમકાલીન પ્રજા, જૂથો અને જાતિઓના આત્મસાતનું પરિણામ છે.

ભારતનો સાંસ્કૃતિક વિકાસ ક્રાંતિનું પરિણામ કહી શકાય. ભારત વિશ્વના બે મહાન ધર્મોની જન્મભૂમી છે. ભારતમાં ભૂતકાળમાં જ્ઞાતિપ્રથા નામની વિશિષ્ટ સામાજિક સંસ્થા વિકાસ પામી હતી. આ ઉપરાંત ભારતનો રાજકીય ઈતિહાસ પણ અભ્યાસની દષ્ટિએ એટલો જ રોમાંચક અને મહત્વનો છે. ભારતમાં રાજકીય ઈતિહાસની શરૂઆત મૂળ આદિવાસી પ્રજાથી થઇ હતી. રાજકીય વિકાસનો બીજો તબક્કો વૈદિકયુગ દરમિયાન સપ્તસિંધના પ્રદેશમાં સ્થપાયેલા ગણ-રાજ્યોનો હતો. તે પછીનો તબક્કો હિંદ જુદા-જુદા મુસ્લિમ સામ્રાજ્યોનો સમય શરૂ થયો અને તે પછી મરાઠી સત્તા અને બ્રિટીશ સત્તાનો ઉદય થયો. હિંદમાં સૌપ્રથમવાર બ્રિટીશ સત્તા હેઠળ રાજકીય એકતા સ્થાપવામાં

આવી. અખંડિત હિંદના રાજકીય ઇતિહાસનો છેલ્લો તબક્કો ખંડિત હિન્દુસ્તાનનો ભારત અને પાકિસ્તાન એવા બે સ્વતંત્ર દેશોનો છે. આમ, ભારતનો રાજકીય ઇતિહાસ અનેક રાજકીય ઉથલપાથલનો ઇતિહાસ છે.

### ❖ બંધારણ સભા, ઘડતર અને કામગીરી :

દરેક સ્વતંત્ર રાષ્ટ્રને તેનું પોતાનું બંધારણ હોય છે. બંધારણ એ દેશનો મૂળભુત દસ્તાવેજ છે. એ સામાન્ય રીતે લેખિત દસ્તાવેજની સ્વરૂપમાં હોય છે. જે અનુસાર સરકાર દેશનો વહીવટ કરે છે. બંધારણ દેશના સાથે સુસંગત હોવો જોઈએ. બંધારણમાં જણાવ્યા પ્રમાણે દેશનો વહીવટ થવો જોઈએ.

બંધારણ ઘડતરના કાર્ય માટે બંધારણ સભા સૌ પ્રથમ 9 ડિસેમ્બરે 1947 ના દિવસે સચ્ચિદાનંદ સિંહાના પ્રમુખ સ્થાને મળી હતી. પાછળથી કોંગ્રેસના પીઢ નેતા 'ડૉ. રાજેન્દ્રપ્રસાદ' ને બંધારણ સભામાં પ્રમુખ તરીકે સર્વાનુમતે ચુંટી કાઢવામાં આવ્યા. તે સમયે અત્યંત નિરાશાજનક પરિસ્થિતિ હોવા છતાં એ બંધારણ સભાએ બંધારણ ઘડતરનું મુશ્કેલ કાર્ય પૂર્ણ કર્યું હતું.

બંધારણના ઘડતરમાં 2 વર્ષ 11 માસ અને 18 દિવસ જેટલો સમય લાગ્યો હતો. તેની પાછળ આશરે 64 લાખ રૂપિયાનો ખર્ચ થયો હતો. ભારતની પ્રજાની આંકાક્ષાઓ અને પરિસ્થિતિને ધ્યાનમાં લઈને તૈયાર થયેલું. આ બંધારણ 395 કલમો અને 8 પરીશિષ્ટો ધરાવે છે. 24 જાન્યુઆરી 1950ના દિવસે 'ડૉ. રાજેન્દ્રપ્રસાદે' પ્રજાસત્તાક ભારતમાં પ્રથમ રાષ્ટ્રપતિ તરીકે ચુંટવામાં આવ્યા. 26 જાન્યુઆરી 1950થી બંધારણ અમલમાં આવ્યો. ત્યારબાદ મૂળભૂત અધિકારો અમલમાં આવ્યા. લોકસભાની સફળતા માટે વ્યક્તિત્વ અને ગૌરવપદે નાગરિકતાનો વિકાસ થાય તે આવશ્યક છે. આ માટે બંધારણમાં મૂળભૂત અધિકારોનો સમાવેશ કરવામાં આવે છે. એટલું જ નહિ પણ અધિકારોના યોગ્ય ભોગવટા માટે સલામતીની જોગવાઈ કરવામાં આવી છે. અધિકારો ઉપર પક્ષપાત ઉપસ્થિત થાય ત્યારે કોઈપણ નાગરિક દેશની સર્વોચ્ચ અદાલત અથવા વડી અદાલતમાં જઈને ન્યાય માંગી શકે છે.

આ અધિકારો આપણને મર્યાદિત સરકારનો ખ્યાલ આપે છે. સરકાર તેને આપવામાં આવેલી સત્તાઓની ઉપર વટ જઈ વ્યક્તિ સ્વાતંત્ર્ય ઉપર તરાપ મારી શકે નહિ બંધારણમાં આપવામાં આવેલા મૂળભૂત અધિકારો નીચે મુજબ છે.

(૧) સમાનતાનો અધિકાર

(૨) સ્વાતંત્રતાનો અધિકાર

(૩) શોષણ વિરુધ્ધનો અધિકાર

(૪) ધાર્મિક સ્વાતંત્રતાનો અધિકાર

(૫) સાંસ્કૃતિક અને શૈક્ષણિક અધિકાર

(૬) બંધારણીય ઈલાજોનો અધિકાર

## ❖ ભારતના બંધારણના મૂળતત્વો તથા રાજનીતિના માર્ગદર્શન સિધ્ધાંતો :-

ભારતમાં પ્રદેશ, ભાષા, જાતિ તથા ધર્મને પ્રશ્ને ઉદભવેલી અને વિસ્તાર પામેલી સામાજિક તથા કોમી તંગદીલી નાબુદ કરવા ડૉ. આંબેડકર સમિતિએ ઘડેલ અને ભારતની બંધારણ સભા (સંસદે) મંજૂર કરેલ બંધારણમાં ભારતમાં વસતાં તમામ પ્રકારના લોકોની સ્વાધીનતા તથા સમાનતાનો મૂળભૂત સિધ્ધાંતો રજૂ કરવામાં આવ્યા. આ ઉપરાંત ધાર્મિક નિરપેક્ષતા તેમજ બિનસાંપ્રદાયિકતા તથા શોષણ સામેના હક વગેરે પણ આપવામાં આવ્યાં. વળી ભારતમાં બંધારણમાં મૂળભૂત અધિકારોનો ઉલ્લેખ ઉપરાંત રાજનીતિના માર્ગદર્શન સિધ્ધાંતોનો પણ નિર્દેશ કરવામાં આવેલો છે. જે અનુસાર ભારતના પ્રત્યેક પ્રજાજને પ્રદેશ, જાતી લિંગ કે ધર્મના ભેદભાવ વગર જીવનની ઓછામાં ઓછી જરૂરિયાતો અન્ન, વસ્ત્ર, વસવાટ, શિક્ષણ તથા તબીબી સારવાર આપવાની સરકારની ફરજ ગણવામાં આવી છે. આને માટે સરકારે પ્રયત્નો પણ કરેલ અને ગરીબી, ભૂખમરો તથા બેકારીમાંથી ઉભા થતા આર્થિક, સામાજિક તથા રાજકીય તાણ નિવારવાના પ્રયાસો પણ કરેલા છે.

## ❖ નિર્વાસિતોની સમસ્યાનો નિકાલ :

ભારતના ભાગલા-બાદ પાકિસ્તાનમાંથી હજારોની સંખ્યામાં હિન્દુ નિર્વાસિતો ભારતમાં આવ્યા. તેમને થાળે પાડવાની વિકટ સમસ્યા આઝાદ ભારતની પ્રથમ સરકાર સમક્ષ ખડી થઇ, તેમાં વિશેષ કરીને સિંધી તથા શીખ નિર્વાસિતો  હતા, જેમને પોતાનું સર્વસ્વ ગુમાવ્યું હતું. આથી તેના પ્રત્યાઘાતરૂપે ભારતમાં કોમી અને સામાજિક તંગદીલી વધી. વર્ગ વિગ્રહ અને જાતિ વિગ્રહની આ સ્થિતિમાં તાત્કાલિક નિવેડો કરવો. તે તથા ઉભા થતા રાષ્ટ્રની એકતા માટે તદન અનિવાર્ય બાબત હતી. ગૃહપ્રધાન સરદાર વલ્લભભાઈએ તથા નહેરુ સરકારે સમગ્ર રીતે ઝડપી પગલાં ભરીને નિર્વાસિતોને ભારતના જુદા જુદા પ્રદેશોમાં વસાવ્યા તથા તેમને ધંધા રોજગાર તેમજ વસવાટની લઘુતમ જરૂરીયાતો પુરી પાડી. આનાથી કોમ-કોમ વચ્ચેની તંગદીલી ધીરે ધીરે ઓછી થઇ અને સમય જતા આખો પ્રશ્ન થાળે પડી ગયો.

## ❖ ભારતીય સંઘ સાથે દેશી રાજ્યોનું જોડાણ :-

૧૯૪૭માં ભારત સ્વતંત્ર થતા દેશી રાજ્યો પરંનુ બ્રિટીશ સરકારનું સાર્વભૌમત્વ રદ થયું. આથી ભારતમાં અમુક દેશી રાજ્યોએ સ્વતંત્ર રહેવાની હીલચાલ શરૂ કરી. ભોપાલ, ત્રાવણકોર, નિઝામ-હૈદરાબાદ વગેરે રાજ્યના રાજાઓએ તો પોતાને સ્વતંત્ર જાહેર કરી પણ દીધા. તેની સાથે આ રાજયોમાં તથા અન્ય રાજ્યોમાં કોમી અને જાતી વિષયક તંગદીલી વધી અથવા તેને ઉશ્કેરવામાં આવી. આથી રાષ્ટ્રની એકતા અને કોમી એકતા સાથે મોટું વિઘન ઉભું થયું. ગૃહ મંત્રી સરકાર વલ્લભભાઈ પટેલે તથા ગૃહ સચિવ શ્રી વી.પી. મેનને ખુબ કુનેહપૂર્વક કામ

લઈને ભારતના મોટા ભાગના દેશી રાજ્યોને ભારતીય સંઘ સાથે જોડી દીધાં. કાશ્મીરને આક્રમણખોરો પાસેથી બચાવીને તેનું ભારત સાથે જોડાણ કરવામાં આવ્યું. જ્યારે હૈદરાબાદ સામે પોલીસ પગલું લઈને તેનું ભારતીય સંઘમાં જોડાણ કરવામાં આવ્યું અને જુનાગઢના નવાબે પોતાના રાજ્યને પાકિસ્તાનમાં જોડતા જુનાગઢની પ્રજાએ બળવો કરીને પ્રજાકીય લડત મારફત જૂનાગઢનો કબજો લીધો અને બાદ પ્રજાની ઈચ્છા પ્રમાણે જૂનાગઢને ભારતીય સંઘમાં સામેલ કરવામાં આવ્યું. આ રીતે દેશી રાજ્યોના પ્રશ્ને ભારતમાં ઉભી થયેલ કોમી, સામાજિક અને રાજકીય તંગદીલીનો ખૂબજ કુનેહપૂર્વક ઉકેલ લાવવામાં આવ્યો અને ભારતની રાજકીય એકતા સિધ્ધ કરવામાં આવી.

## ❖ સીમા, લશ્કર અને નાણાંકીય વિભાજનના પ્રશ્નનું નિરાકરણ :-

ભારતના ભાગલા પડતા ભારત અને પાકિસ્તાનની સીમાઓ નિશ્ચિત કરવાનો, લશ્કરનું વિભાજન કરવાનો અને બન્ને દેશોએ તટસ્થ બનેલા પંચો નિયુક્ત કર્યા અને તે પંચોને આપેલા નિર્ણયોને સ્વીકારી લીધા. આમાં થોડું મેળવવાનું તથા થોડું ગુમાવવાનું હતું. તો પણ વ્યવહારુપણાથી આ સમસ્યાઓનો ઉકેલ કરવામાં આવ્યો. જેથી આને પરિણામે ઉદભવેલી કોમી અને રાજકીય કડવાશ ધીરે ધીરે અદશ્ય થઇ.

## ❖ ભાષાના ધોરણે રાજ્યોની પુન:રચનાનો પ્રશ્ન : મહારાષ્ટ્ર અને ગુજરાત :-

સ્વરાજ્ય પહેલાથી કોંગ્રેસનાં એક વર્તુળમાં ભાષાના ધોરણે પ્રાંતો કે રાજ્યોની રચના થવી જોઈએ તેવી માન્યતા પ્રબળ બની હતી. અને આ માટે તેમણે બંધારણીય ચળવળ પણ ઉપાડી હતી. કોંગ્રેસે પણ સિધ્ધાંતમાં આ હકીકતનો સ્વીકાર કરેલ હતો. તેથી સ્વરાજય બાદ આ પ્રશ્ન વધારે ઉગ્ર બન્યો તથા અનુક્રમે મદ્રાસ, હૈદરાબાદ અને ગુજરાત વગેરેમાં અલગ તામિલનાડુ અલગ આંધ્રપ્રદેશ તથા અલગ ગુજરાત રાજ્યની રચના કરવા માટે જે તે રાજ્યોમાંથી પ્રબળ માંગ આવી. આ માટે વ્યાપક પ્રમાણમાં અહિંસક તથા હિંસક આંદોલનનો પણ થયા, અલગ આંધ્રરાજ્યની રચના માટે પોટ્ટી શ્રી રામલૂએ ૧૯૫૨ માં આમરણાન્ત ઉપવાસ કર્યા અને તેમાં તે શહીદ થયા. તેથી આંધ્રપ્રદેશ અને દક્ષિણમાં ભયંકર રમખાણો ફાટી નીકળ્યા અને છેવટે સરકારને અલગ આંધ્રરાજ્યની રચનાની માંગણી માન્ય રાખવી પડી. આના પ્રત્યાઘાતો અન્ય રાજ્યોમાં પણ પડ્યા અને તેને પગલે અલગ ગુજરાત રાજ્યની પણ માંગણી થઇ બીજા પ્રદેશોમાં પણ આવી માંગણીઓ થઇ.

ભાષાવાદને ટાળવા અને દેશની એકતા ટકાવવા ભારતીય સરકારે અખતરા રૂપે કચ્છથી માંડીને સતારા સુધીના વિશાળ દ્વિભાષી મુંબઈ રાજ્યની રચના કરી. આની પાછળનો સરકારનો ઈરાદો અલગ મહારાષ્ટ્ર તથા અલગ ગુજરાત રાજ્યની માંગણીને ટાળવાનો હતો. પરંતુ તેનાથી ઉલટુ મહારાષ્ટ્ર તથા ગુજરાત બન્નેમાં અલગ અલગ રાજ્યોની રચના માટે આંદોલનો થયા અને ૧૯૫૬ થી ૧૯૬૦ સુધી થયેલા આ ભાષાકીય આંદોલનોમાં ભારે બલિદાનો લેવાયા તથા કરોડોની મિલકતનું ભાંગફોડથી નુકશાન થયું. આથી સરકારે છેવટે વિશાળ દ્વિભાષી રાજ્યોમાંથી ૧૯૬૦ માં મહારાષ્ટ્ર અને ગુજરાતના અલગ અલગ રાજ્યો રચ્યા.

## ❖ ભાષાકીય રાજ્ય રચનાના પ્રત્યાઘાતો પંજાબ અને હરિયાણા :-

મહારાષ્ટ્ર અને ગુજરાતન મે ૧૯૬૦ માં અલગ અલગ રાજ્યો રચાયા. તેના અનુસંધાનમાં પંજાબમાં અલગ શીખ રાજ્યની માંગણી સ્વરાજ્ય પછી તુરંત શરૂ થઇ હતી. તેને વેગ મળ્યો. શીખ નેતા માસ્તર તારાસિંગની આગેવાની નીચે શીખોએ ઉગ્ર લડત શરૂ કરી. દરમ્યાનમાં અંતે ફતેહસિંહ નામના બીજા શીખ ધાર્મિક નેતાએ અમૃતસરના સુવર્ણમંદિરમાં આમરણાંત ઉપવાસ શરૂ કર્યા. આથી ગંભીર તંગદીલી સર્જાઈ. પંજાબમાં હિન્દુઓ અને શીખો વચ્ચે આંતરવિગ્રહ થાય તેવી સ્થિતિ સર્જાઈ, પછીથી માસ્તર તારાસિંગે પણ આમરણાન્ત ઉપવાસ આદર્યા હતા. પરંતુ પ્રશ્ન પર વાટાઘાટો થશે. તે બહાના તળે બન્નેએ પોતપોતાના ઉપવાસો છોડ્યા હતા. છતાંએ આનાથી પૂર્વ પંજાબને પંજાબ અને હરિયાણા એમ બે નાના રાજ્યોમાં વહેચી નાખવામાં આવ્યું તથા બંનેની રાજધાની ચંદીગઢ રાખવામાં આવી.

આ આંદોલન આગળ ચાલતા હિન્દ સરકારને આસામથી અમુક પ્રદેશોને જુદા પાડીને અલગ નાગાલેન્ડ રાજ્યની રચના કરવી પડી અને આમ નાગાલેન્ડના લોકોને સંતોષવા માંડ્યા. આ રીતે પ્રદેશવાદ અને ભાષાવાદને લીધે દેશની રાજકીય તેમજ સાંસ્કૃતિક એકતામાં થોડી તીરાડો પડી. પરંતુ બધું થાળે પડતા લોકોને ભારતના વિવિધ પ્રદેશોના સાંસ્કૃતિક એકતાની પ્રતિતી થઇ. આનાથી ભાષાકીય ધોરણે રાજ્યોની રચના બાદ થોડા જ સમયમાં તોફાનો શમી ગયા અને ભારતની રાજકીય તથા સાંસ્કૃતિક એકતા પર ભાર મૂકવામાં આવ્યો.

## ❖ દક્ષિણના પ્રદેશો, હિન્દી અને જ્ઞાતિવાદ :-

દેશની સાંસ્કૃતિક તથા ભાષાકીય એકતાના પ્રતિક તરીકે હિન્દીને બંધારણ અનુસાર રાષ્ટ્રભાષા બનાવવામાં આવી. પરંતુ દક્ષિણના પ્રદેશમાં હિન્દીને સ્વીકારવાનો ઇન્કાર કર્યો તથા આમાંથી ભારતથી અલગ એવા દક્ષિણના રાજ્યની રચના કરવાનું આંદોલન ઉદભવ્યું. જેને સ્વતંત્ર તામિલ રાજ્યની રચનાની માંગણી કરી. આ માટે રાજકીય પક્ષો પણ સ્થપાયા. જેમાં સૌથી મોટો રાજકીય પક્ષ દ્રાવિડ મુમ્રતે કળગમ પક્ષ હતો. જે વાસ્તવમાં ભાષા જ્ઞાતિવાદ તથા બિનબ્રાહ્મણવાદના ધોરણે ૧૯૬૨ ની સામાન્ય ચુંટણી લડ્યો અને મદ્રાસ ધારાસભાની ૫૩ જેટલી એટલેકે લગભગ ચોથા ભાગની બેઠકો જીતી ગયો. આમાંથી દક્ષિણના રાજ્યોમાં સરકારની તેમજ બ્રાહ્મણોની વિરુધ્ધ આંદોલન પ્રસર્યું. જેમાં મોટાભાગના નેતાઓ દલિત વર્ગોના હતા. વળી આના અનુસંધાનમાં જ્ઞાતિ સંઘો રચાયા. જે માત્ર જાતિને ધોરણે ચુંટણી લડતા ગયા. જેમાં તમિલનાડુ શ્રમજીવી પક્ષ ખાસ નોંધપાત્ર હતો. તે બહુધા ખેડૂત જ્ઞાતિનો જ બનેલો સંઘ હતો. તેજ રીતે બિહાર અને ઓરિસ્સાની સરહદ પર વસતા આદિવાસીઓએ ઝારખંડ નામનો પોતાનો અલગ પક્ષ સ્થાપ્યો.

આવા જ્ઞાતિ સંઘો અને પક્ષો એ ભારતીય રાજકારણ તથા ચુંટણીઓમાં મહત્વનો ભાગ ભજવ્યો. આથી રાષ્ટ્રીયતાને તથા દેશની એકતાને નુકશાન થયું. વળી આવા નાના પક્ષોના પ્રતિનિધિઓ મોટા પક્ષોને

સત્તા મેળવવા પ્રાંત બહુમતી આપવામાં સફળ થતા એટલે તેઓ પોતાને અનુકુળ સ્થાન માટે સોદો કરી શકતા અને એ રીતે જ્ઞાતિવાદ વગેરે મત મેળવવા માટે બહુ મહત્વની જ્ઞાતિઓ ગણાય છે. આથી કોંગ્રેસે મોટા પ્રમાણમાં તેમને પોતાના સભ્યો અને ઉમેદવારો બનાવીને દક્ષિણના અમુક રાજ્યોમાં સત્તા હસ્તગત કરી. સંજીવ રેડી દક્ષિણ પ્રદેશના છે તથા રેડ્ડી જાતિના છે. એ બાબત તેની બુધ્ધિશક્તિ અને કાર્યક્ષમતા કરતા. તેને પ્રમુખપદ અપાવવામાં વધારે સહાનુભૂત થયેલી મનાય છે. વળી ચુંટણીમાં પણ જે વિસ્તાર જે જ્ઞાતિનું જોર હોય ત્યાંથી તે જ જ્ઞાતિના ઉમેદવારને રાજકીય પક્ષો ઉભા રાખતા હોય છે. આમ રાષ્ટ્રીયતા પર હજુ પણ જ્ઞાતિવાદનું પ્રાબલ્ય છે. ભારતને સર્વાંગી ઉન્નતિ માટે તથા શુધ્ધ લોકશાહીના વિકાસ માટે આ અનિષ્ટ નાબુદ કરવું પડશે.

## ❖ ધર્મ અને ધાર્મિક માન્યતાઓનું પ્રાબલ્ય:-

ભાષાવાદ, પ્રદેશવાદ તથા જ્ઞાતિવાદના જેવું બલ્કે તેનાથી પણ વધારે વર્ચસ્વ ભારતીય જીવન પર ધર્મનું છે. ધર્મને નામે લોકામાં કોમવાદ તથા વર્ગભેદને ઉશ્કેરવાના પ્રયત્નો થયાં છે. સાંપ્રદાયિક ખ્યાલો અને આચારોએ શુધ્ધ ધર્મના તત્વોને વિસારે પાડી દીધા છે. તથા કોમી અને રાજકીય નેતાઓને લોકોની ધાર્મિક લાગણીઓનો ગેરલાભ લીધેલો છે. ધાર્મિક ઝનુન હેઠળ ઉત્તેજવામાં આવેલ કોમવાદને પરિણામે ભારતનું વિભાજન થયેલું છે. તથા આનાથી વિવિધ પ્રકારની કોમી તેમજ બિનસાંપ્રદાયિકતાને ભારત વરેલું છે. માટે જ ભારત કોઈપણ કોમી કે સાંપ્રદાયિક ભાવના ધરાવનાર રાજ્ય સાથે જોડતું નથી અને પોતાની વિદેશ નીતિ બિલકુલ તટસ્થ રાખેલ છે. તથા જવાહરલાલ. નહેરુએ અપનાવેલ પંચશીલના સિધ્ધાંતોનો ચુસ્તપણે અમલ કરે છે.

## ❖ બિનસાંપ્રદાયિક:-

ભારતીય સત્તાને બિનસાંપ્રદાયિક જાહેર કરે છે, આનો અર્થ થાય કે રાજ્ય ધર્મનિરપેક્ષ છે. તે કોઈ ધર્મને ઉંચો કે નીચો ગણતો નથી. બધા જ ધર્મને સમાન ગણે છે. રાજ્ય કોઈ ધર્મને પ્રત્યે પક્ષપાત નથી. દેશમાં ઘણી ધાર્મિક લઘુમતીઓ હોય બંધારણીય રીતે તેમને સમાન તક આપવાની જોગવાઈઓ કરવામાં આવી છે.

## ❖ બિનસાંપ્રદાયિક ખ્યાલોનો વિકાસ અને સાંસ્કૃતિક સમન્વય:-

ભારતના રાજકારણમાં સમાજ જીવન તથા ધાર્મિક ખ્યાલોની ઉપરોક્ત નબળાઈઓ હોવા છતાંએ ભારત પ્રાચીન પરંપરા અનુસાર એકંદરે લોકશાહી રાજ્યવ્યવસ્થા, ભેદભાવ રહિત સમાજ રચના તથા બિનસાંપ્રદાયિક ધાર્મિક સિધ્ધાંતોને વરેલ છે. ભારતના બંધારણે પણ રાજકીય, સામાજિક તથા આર્થિક ન્યાય પર તથા ધાર્મિક નિરપેક્ષતા પર ભાર મુકેલો છે. ભારતની સરકાર પણ બિનસાંપ્રદાયિક ખ્યાલોનો વિકાસ કરવા પ્રયત્નશીલ છે. ભારતના રાજ્ય વહીવટ અને લોકશાહીનું માળખું એકંદરે લાયકાતના ધોરણે પણ રચાયેલું છે. તેમાં લોકશાહી સિધ્ધાંતોનાં અમલ માટે પુરેપુરો અવકાશ છે. એટલું જ નહિ પરંતુ તેને માટે પ્રયત્નો પણ

કરવામાં આવે છે. રાજ્ય હવે કોમવાદ, જાતિવાદ, તથા પ્રાદેશિકવાદ સામે સંજોગ બનેલ છે અને ભારતમાં વસતાં જુદી જુદી કોમો, જુદા જુદા વર્ગના લોકો, અલગ અલગ ભાષા બોલનાર લોકો તથા અલગ અલગ ધર્મ પાડનાર લોકો વચ્ચે સાંસ્કૃતિક સમન્વય સાધવા મથી રહેલ છે. રાષ્ટ્રીય અસ્મિતાને આંચ ન આવે તે રીતે રાજ્ય પ્રાદેશિક ભાવનાઓ પોષે છે. પરંતુ ભારતની લોકશાહી સરકાર હવે કોમીવાદ, ભાષાવાદી, તથા સાંપ્રદાયિક પરિબળને નાબુદ કરવા કટીબધ્ધ થયેલ છે. તેમ તેણે લીધેલા વિવિધ પગલાં પરથી ફલિત થાય છે.

❖ સમાપન:-

ભારત જેવા વિશાળ દેશમાં કોઈ વિવાદ જ ન હોય તેમ માનવું ખુબ વધારે પડતું છે. ભારતીય સંસ્કૃતિની વિશિષ્ટતા એ છે કે તેમાં અનેકતામાં એકતા રહેલી છે. તે ભાતીગળ સંસ્કૃતિ છે. વિશેષમાં ભારતમાં ગરીબી, ભૂખમરો અને બેકારો નાબુદ કરવા માટે તથા વસ્તી નિયંત્રણ કરવા માટે હાલમાં તમામ પ્રયાસો થાય છે. ખેતી, ઉધોગ, રોજગાર, વાહનવ્યવહાર વગેરેનો શક્ય તેટલો વિકાસ અને વિસ્તાર થઈ રહેલ છે અને તેમાં વધારેને વધારે લોકોને રોજી મળે તે સરકારનું લક્ષ્યાંક છે. આવી કોમી વર્ગીય તેમજ સાંપ્રદાયિક પ્રશ્નો ગૌણ બનતાં જાય છે. હાલમાં કોઈપણ દેશ માટે આર્થિક સમસ્યાઓ એ મોટામાં મોટો પ્રશ્ન છે અને તેના ઉકેલના પ્રયાસો આગળ અન્ય સવાલો ગૌણ બની જાય છે. એ રીતે પણ કોમી અને સાંપ્રદાયિક પ્રશ્નો ઘટતા જાય છે.

## પાદનોંધ


૧. શેઠ સુરેશભાઈ ચી :- ભારતમાં સામાજીક અને ધાર્મિક ચળવળો, યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, અમદાવાદ પ્રથમ આવૃત્તિ : 1990, પૃષ્ઠ -253-255

૨. ચૌધરી ભરત :- ભારત ઇન્સ્ટિટયૂટ ભારતમાં સામાજિક ધાર્મિક સુધારણા અને આંદોલન પૃષ્ઠ – 66-70.

૩. દેસાઈ કે.પી., શેઠ પી.એન.:- ભારતના બંધારણનો વિકાસ યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, અમદાવાદ. પ્રથમ આવૃત્તિ 1973 પૃષ્ઠ – 3 – 9.

## સંદર્ભસૂચી

૧. શાહ સુરેશભાઈ ચી.:-ભારતમાં સામાજિક અને ધાર્મિક ચળવળો

૨. ચૌધરી ભરત:- ભરત ઇન્સ્ટિટયૂટ, ભારતમાં સામાજિક ધાર્મિક સુધારણા અને આંદોલન

૩. દેસાઈ કે.પી., શેઠ પી.એન.:- ભારતના બંધારણનો વિકાસ